શહેરમાં કોરોનાના દર્દીઓ માટે ૪૦ બેડની સુવિધા વધારાઈ

બે દિવસમાં ૧૮૧ દુકાનો-મોલ, ૩૦ હોટલ રેસ્ટોરન્ટને સામાજિક અંતર ન જળવાતાં નોટીસ અપાઈ તો માસ્ક ન પહેરવા માટે ૮૦ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતાં જ મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યુ છે. તંત્રએ છેલ્લા બે દિવસમાં માસ્ક ન પહેરનારાઓ પાસેથી રૂ. ૮૦ હજારનો દંડ વસુલ્યો છે. આ સાથે છેલ્લા ૮ માસમાં ૧.૫૬ કરોડ રૂ. દંડ પેટે વસુલવામાં આવ્યા છે.

નાયબ મ્યુનિ. કમિશનરે આજે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે વધુ ભીડભાડવાળા વાણિજ્ય એકમો જેવા કે દુકાનો, શૉ રૂમ, શોપીંગ સેન્ટર, હોટલ, રેસ્ટોરન્ટ વગેરે પર પણ તંત્રની ૧૧ ટીમો ત્રાટકી હતી.

સામાજિક અંતરનું પાલન ન થતુ હોય તેવી ૧૮૧ દુકાનો-મોલ, ૩૦ જેટલી હોટલ, રેસ્ટોરન્ટમાં નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધતાં રૂચિ હોસ્પિટલ અને ગોએન્કા હોસ્પિટલ ખાતે સરકારી ખર્ચે ૪૦ પથારીઓની સુવિધા કલેકટરના આદેશ અન્વયે કરવામાં આવી છે. કોરોનાના દર્દીઓ તથા શંકાસ્પદ દર્દીઓ માટે ૨૪૮૭ હેલ્પલાઈન કેન્દ્ર જે શરૂ કરવામાં આવ્યુ છે તેના પર બે દિવસમાં ૧૦૦ થી વધુ કોલ અને વ્હોટસએપ મેસેજ મળ્યા છે.

મનપા દ્વારા સે. ૨, સે. ૨૪, સે. ૨૭ અને પાલજ અર્બન હેલ્થ સેન્ટર પર તેમજ સે. ૨૧ના ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર પર વિનામૂલ્યે રેપિડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૦ જેટલા ધન્વન્તરી રથ લોકોના આંગણે પહોંચી તબીબી સલાહ આપી જરૂરી પ્રાથમિક દવાઓ આપવામાં આવી રહી છે.

મોટીવયના લોકોને પણ અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા તંત્ર દ્વારા વારંવાર અપીલ કરાઈ છે એટલુ જ નહિ માસ્ક પહેરવા તેમજ સેનીટાઈઝરથી હાથ સાફ કરવા માટે લોકોને અપીલ કરાઈ છે.

શહેરમાં કેસોનું પ્રમાણ વધ્યુ છે અને તંત્ર સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે. તંત્ર દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યાનું પણ તેમણે જણાવ્યુ છે. સર્વેલન્સની કામગીરી પણ તંત્ર દ્વારા કરવામાં આવી રહી હોવાનું જણાવ્યુ છે.

કોરોના ઈફેક્ટ

- કોરોનાના કેસ વધતા કેન્દ્રિય ટીમ મહેસાણા પહોંચી.
- બોપલના સફલ પરીસરમાં એક સાથે ૮૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા ખળભળાટ.
- અમદાવાદમાં ૩૪ પોલીસકર્મીઓ કોરોનાથી સંક્રમિત.
- પૂર્વ મંત્રી કીરીટ પટેલ અને તેમના પત્નિ કોરોનાથી સંક્રમિત.
- મોડાસાના સુપ્રસિદ્ધ નેવરાજ ધામ અને ઉમિયા મંદિરમાં દર્શન બંધ કરાયા.
- પ્રાંતિજમાં સ્વયંભૂ દસ દિવસ રાત્રિ જનતા કરફ્યુ.
- તમામ રાજકીય મેળાવડાઓ રદ કરવા ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલનો આદેશ.
- અમદાવાદ ખોખરા વોર્ડમાં ૨૮૭ કોરોના પોઝીટીવ દર્દીઓ.
- નડીયાદ પાસે પીપલગ શાકમાર્કેટ યાર્ડ ત્રણ દિવસ બંધ રહેશે.
- વડોદરાના મંગળ બજારમાં ભારે ભીડ થતા અફરાતફરીનો માહોલ.
- પેટાચૂંટણી જ્યાં જ્યાં થઈ ત્યાં કેસ વધ્યા છે. સુરેન્દ્રનગરમાં ૨૪૧, મોરબીમાં ૧૯૫, કચ્છમાં ૧૦૦, અમરેલીમાં ૯૮ અને બોટાદમાં ૫૦ કેસ નોંધાયા છે.
- રાજસ્થાન સાથેની બોર્ડરો સીલ કરાઈ.
- વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીની સોમવારથી આરંભાતી પરીક્ષાઓ મોકુફ રખાઈ.
- ગાંધીનગર ભાજપના અગ્રણી પરમજિત કૌર કોરોનાથી સંક્રમિત

રાજ્યમાં કોરોનાના નવા ૧૪૯૫ કેસ

૧૧૬૭ દર્દી સ્વસ્થ થયા, ૧૩૬૦૦ એક્ટિવ કેસ, ૯૩ વેન્ટિલેટર પર, ૧૩૫૦૭ દર્દીઓ સ્ટેબલ, ૧૩નાં મોત

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે રાજ્યમાં નવા ૧૪૯૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૧૬૭ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૭૯,૯૫૩ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૧૬ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૩,૭૩૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૮૦.૬૦ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૭૨,૩૫,૧૮૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૨,૬૮૫ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૨,૫૭૩ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૬૦૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૯૩ છે. જ્યારે ૧૩,૫૦૭ લોકો સ્ટેબલ છે. ૧,૭૯,૯૫૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૮૫૯ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૩ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૮, સુરત કોર્પોરેશન ૨, બનાસકાંઠા ૧, ગાંધીનગર ૧ અને ભાવનગરનાં ૧ વ્યક્તિ સહિત કુલ ૧૩ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

કોરોના : હોસ્પિટલ્સમાં ૧૫૦૦ બેડ હજુ ખાલી

અમદાવાદમાં કોરોના સંક્રમણ વધશે તેવી ચેતવણી સાચી પડી છે અને છેલ્લા એક અઠવાડિયાથી કોરોનાની સ્થિતિ વકરતા સંખ્યાબંધ લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ઘણા લોકોને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. અમદાવાદમાં રવિવારે કોરોના મહામારીની સ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા માટેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખાસ કરીને કોરોનાની સારવાર માટે શહેરની કોવિડ હોસ્પિટલોમાં પથારીઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. શહેરમાં હાલમાં કોરોનાના દર્દીઓ માટે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મળીને કુલ ૧૫૦૦ બેડ ખાલી છે. જેથી શહેરીજનોએ બિનજરૂરી ગભરાવવાની જરૂર નથી. અમુક ખાનગી હોસ્પિટલો દર્દીઓને ફોન કરીને જેમને જરૂર ના હોય અથવા ઓક્સિજન લેવલ પણ ઓછું ના થયું હોય તેવા દર્દીઓને ખાલી પથારીઓ પર બોલાવીને પથારીઓ ભરવાની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

ચાર મહાનગરોમાં આજથી રાત્રિ કરફ્યુ રહેશે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના મહાનગરોમાં દિવાળીની રજાઓમાં કોરોના સંક્રમણનાં કેસ ફૂદકેને ભૂસકે વધી રહ્યાં છે. ત્યારે અમદાવાદ શહેરમાં શુક્રવાર રાતથી સોમવારે સવારે ૬ કલાક સુધી કરફ્યું લગાવવામાં આવ્યો છે અને વડોદરા, રાજકોટ, સુરતમાં પણ રાત્રિ કરફ્યૂ લગાવવામાં આવ્યો છે. ત્યારે આ નાજૂક પરિસ્થિતિમાં રાજ્યનાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વાત કરી હતી. નાયબ મુખ્યમંત્રીએ લોકોને અપીલ કરી છે કે, તેઓ માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ કરે. નાયબમુખ્યમંત્રીની અન્ય મહત્ત્વની વાતચીતનાં મુખ્ય અંશો પર પણ નજરી કરીએ. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વાત કરતા જણાવ્યું કે, આવતીકાલથી એટલે સોમવારથી અમદાવાદનો સવારનો કરફ્યુ બંધ થઈ જશે. સવારે અમદાવાદ ફરીથી ધબકતુ થશે. આવતીકાલથી રાજ્યનાં ચારેય મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રિ કરફ્યુ રહેશે. દંડ અંગે વાત કરતા નીતિન પટેલે જણાવ્યું કે, પોલીસ દ્વારા કોર્ટ અન્વયે જે પણ માસ્કની રકમ છે તે વસૂલવામાં આવશે, આપણે જોઈએ તો, સમજૂ, જાગૃત્ત, શિક્ષિત જવાબદાર વ્યક્તિઓ મોટાભાગે માસ્ક પહેરે છે અને જે કોઈએ માસ્ક ન પહેર્યું હોય કે નીકળી ગયુ હોય તેમને પોલીસ, વહીવટી તંત્ર દ્વારા રોકીને માસ્ક પહેરાવવાનું સમજાવાય છે અને દંડ પણ વસૂલવામાં આવે છે. નાગરિકો માસ્ક પહેરે તે ખૂબ જરૂરી છે. દંડ અગત્યની વસ્તુ નથી. દંડ લેવા સરકારે આ નિર્ણય નથી કર્યો પણ નાગરિકોની સલામતી માટે, કોરોનાનું સંક્રમણ અટકાવવા માટેનો આ નિર્ણય છે.

માસ્ક અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, નાગરિકોને મારી વિનંતી છે કે, માસ્ક ફરજિયાત પહેરો, માસ્કમાં પણ રૂમાલ, દુપટ્ટો કે સાદુ કપડુ હોય તેનો પણ માસ્ક ચાલે. એટલે બધા જ પહેરે નિયમિત પહેરે એ મારી સૌને વિનંતી છે. સરકાર તો કાયદા ઘડે, વ્યવસ્થા કરે પરંતુ પ્રજાનો સહકાર જરૂરી છે. કોરોનાના નિયમો પાળવા તો આપણા માટે જ છે, આપણા જીવ માટે છે પરિવાર માટે છે. એટલે બધા જ માસ્ક પહેરે તે જરૂરી છે. કોરોનાના કેસ ઓછા થાય એટલે માસ્ક ન પહેરવું તેવું ન હોય, જ્યાં સુધી કોરોના નેસ્તાનાબૂદ ન થાય, તેનો અંત ન આવે ત્યાં સુધી આપણે માસ્ક પહેરવું જ પડશે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું જ પડશે.

શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું સ્વદેશ રત્ન-૨૦૨૦ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માન

સ્વદેશ સંસ્થાન ભારત-અયોધ્યા ઉત્તરપ્રદેશ એક રાષ્ટ્રીય લેવલે કામ કરતી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા ભારતીય કલા સંસ્કૃતિ, શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવા અંતર્ગત વિશિષ્ટ કાર્ય કરતા વ્યક્તિઓને દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે. ભારતના વિભિન્ન રાજ્યોમાંથી આવી પ્રતિભા ધરાવતા વ્યક્તિઓને રાષ્ટ્રીય લેવલે સન્માનિત કાર્યક્રમ

તાજેતરમાં રામજન્મભુમિ અયોધ્યા ઉત્તરપ્રદેશ ખાતે યોજાયો જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ વિશિષ્ટ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા. કોરોના મહામારીના કારણે અન્ય સભ્યોને તેમનુ સન્માનપત્ર, મેડલ તથા સ્મણિકા સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવી. આ વર્ષે આ સન્માન ગુજરાત રાજ્યમાંથી શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિને પ્રાપ્ત થયુ. શાળામાં કરેલ લોક સેવાના કાર્યો, કોરોના મહામારીમાં કરેલ કામગીરી તેમજ બાળકો માટે ઉપલબ્ધ કરેલ ડિઝીટલ શૈક્ષણિક કાર્ય અંતર્ગત 'સ્વદેશ રત્ન સન્માન ૨૦૨૦'થી સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન તાજેતરમાં તેમને સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રાપ્ત થયુ.

માસ્ક ન પહેરનારા પર કડક પગલાની રૂપાણીની ચેતવણી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રવિવારે રાજ્યની જનતાને સંબોધન કર્યું હતું. તેમણે અમદાવાદમાં બે દિવસના કર્ફ્યુ અને સુરત, રાજકોટ અને વડોદરામાં રાત્રિ કર્ફ્યુ અંગે વાત કરી હતી. અમદાવાદમાં સોમવારે સવારે છ વાગ્યે બે દિવસના કર્ફ્યુનો અંત આવશે. પરંતુ અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં રાત્રિ કર્ફ્યુ યથાવત રહેશે. રાત્રે ૯થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યુ રહેશે. મુખ્યમંત્રીએ રાજ્યની જનતાને કર્ફ્યુમાં સાથ સહકાર આપવાની અને માસ્ક ફરજિયાત પહેરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમદાવાદની સમસ્ત જનતાને રાજ્ય સરકાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ પાઠવું છું. બે દિવસનો કર્ફ્યુ, વિકેન્ડ કર્ફ્યુમાં જનતાએ પૂરો સાથ અને સહકાર આપ્યો છે. કર્ફ્યુને સફળ બનાવ્યો છે. સરકારને પણ ન છૂટકે કર્ફ્યુનો અમલ કરાવવો પડ્યો છે, કારણ કે તહેવારોના દિવસો પછી ફક્ત ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં અલગ-અલગ રાજ્યોમાં પણ કોરોનાના કેસ વધ્યા છે, ચેપ વધ્યો છે. તેવા સમયે સરકારને તાત્કાલિક નિર્ણય લેવા પડે છે. તેના ભાગરૂપે અમદાવાદમાં બે દિવસનો કર્ફ્યુ જાહેર કરવો પડ્યો. જનતાએ પણ કર્ફ્યુમાં સાથ અને સહકાર આપ્યો છે તેથી હું ફરીથી તેમને ધન્યવાદ આપું છું. સાથે સાથે આવતીકાલથી રાત્રિ કર્ફ્યુનો અમલ થાય છે. શનિવાર રાતથી ત્રણ શહેરોમાં રાત્રિ કર્ફ્યુનો અમલ થયો છે. જ્યારે સોમવારથી ચારેય શહેરોમાં રાત્રિ કર્ફ્યુનો અમલ થશે. તેથી હું જનતાને અપીલ કરું છું કે તેઓ સાંજ પછી પાનના ગલ્લા, ચાની લારીઓ, રેસ્ટોરન્ટો હોય ત્યાં લોકો ભેગા થાય છે અને ભીડ એકઠી થાય છે. તેથી કોરોનાનો ચેપ વધવાની શક્યતા વધે છે, તેમ મુખ્યમંત્રી રૂપાણીએ ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ યુવાનોને અપીલ કરતા કહ્યું હતું કે હું યુવાનોને અપીલ કરું છું કે તમે સશક્ત હશો અને સાજા પણ જલ્દી થઈ જશો. પરંતુ જો તમે કોરોના લઈને ઘરે ગયા તો આપણા ઘરના વડીલોને ખૂબ મુશ્કેલી પડશે. તેથી તેની ગંભીરતા સમજીને યુવાનો સાંજ પછી બિનજરૂરી ઘરની બહાર ન નીકળે. કર્ફ્યુનો ચારેય શહેરોમાં પૂર્ણ રીતે અમલ થાય તેનું ધ્યાન રાખે. તે સિવાય ગુજરાતના અન્ય શહેરોના લોકોને પણ અપીલ કરું છું કે આપણા શહેરમાં પણ ચેપ ન વધે તે માટે સાંજ પછી બિનજરૂરી ઘરની બહાર ન નીકળે. દિવસે સવારે છથી રાત્રે નવ ગુજરાતમાં તમામ જગ્યાએ માસ્ક વગર કોઈ નીકળે નહીં. કોઈ પણ વ્યક્તિ માસ્ક પહેર્યા વગર નીકળશે તો ૧,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવા માટે પોલીસને સૂચના આપવામાં આવી છે.

અમદાવાદમાં કર્ફ્યુનો ભંગ કરવા બદલ કુલ ૫૯૩ કેસ

અમદાવાદ, તા. ૨૨

શહેરમાં કોરોનાના કહેરનો બીજો રાઉન્ડ શરૂ થયો હોય તેમ લાગી રહ્યું છે. દિવાળીનાં પર્વ દરમિયાન કોરોનાના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે કોરોનાનું સંક્રમણ વધે નહિ તે માટે અમદાવાદ શહેરમાં શુક્રવાર રાત્રીના નવ વાગ્યાથી સોમવાર સવારના છ વાગ્યા સુધી કર્ફ્યૂ જાહેર કરવામાં આવ્યું છે. જેને ધ્યાન માં રાખી ને શહેર પોલીસ કડક પણે કર્ફ્યૂ નો અમલ કરાવી રહી છે. શહેરમાં શુક્રવાર રાત્રીના નવ વાગ્યાથી પોલીસ કાફલા સાથે ફ્લેગ માર્ચ કરી રહી છે. ઉપરાંત મોટાભાગના ચાર રસ્તા ઉપર બેરીકેટ લગાવીને પોલીસ દ્વારા વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં.... ● ત્રીજા પાનાનું ચાલુ

કરવામાં આવેલ છે. અડાલજમાંથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

કુડાસણમાંથી આજે વધુ બે કેસ મળી આવેલ છે. ૪૬ વર્ષીય પુરૂષ અને ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડમાંથી ૩૨ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવકનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખોરજમાંથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સરગાસણ ગામેથી ૬૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ઉવારસદ ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૪૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નવ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગોળવંટા ગામેથી ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સોનારડા ગામેથી ૪૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામમાંથી આજે ૮ કેસ મળી આવ્યા છે જેમાં દહેગામ અર્બનમાંથી ૪ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ કેસ મળ્યા છે.

દહેગામ અર્બનમાંથી ૫૬ વર્ષીય કર્મયોગી, ૨૩ વર્ષીય વિદ્યાર્થી, ૪૬ વર્ષીય વેપારી અને ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઝીંડવા ગામેથી ૪૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ધારીસણા ગામેથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નાંદોલ ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે. ૪૦ વર્ષીય કર્મયોગી અને ૩૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી પણ આજે સાત કેસ મળી આવ્યા છે. જેમાં પાંચ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિતારમાંથી મળી આવેલ છે.

છત્રાલ ગામેથી ૬૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાંચરડા ગામેથી ૩૦ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શોભાસણ ગામેથી ૩ મહિલાઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. ૫૫ વર્ષીય ગૃહીણી, ૪૦ વર્ષીય ગૃહીણી, ૭૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ અપનાવ્યો છે.

અર્બન-૧ વિસ્તારમાંથી ખાનગી નોકરી કરતી ૩૭ વર્ષીય મહિલા અને ખાનગી નોકરી કરતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાંથી ૪ કેસ મળી આવેલ છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે.

માણસા અર્બનમાંથી ૪૫ વર્ષીય વેપારી, દેલવાડમાંથી ૬૫ વર્ષીય ગૃહીણી, લોદરામાંથી ૩૬ વર્ષીય યુવાન તેમજ ભીમપુરા ગામેથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયેલ છે. આ સાથે અત્યાર સુધીમાં ૨૬૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૨ દર્દીઓ દાખલ થયેલા છે જ્યારે ૧૪,૩૭૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

કેન્સર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્જરી થઈ હતી. તેમના મતે જો પુતિન રાષ્ટ્રપતિ તરીકે રાજીનામુ આપે તો સંભવિત ઉમેદવારોના લિસ્ટમાં પુતિનની પુત્રી કેટરિના પણ સામેલ છે. જે હાલમાં રશિયાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રોગ્રામને લીડ કરી રહી છે.આ પહેલા કેટરિના પર રશિયાની કોરોના વેક્સિનની ટ્રાયલ કરવામાં આવી હોવાનો દાવો પણ પુતિને કર્યો હતો.

પુતિન સિવાય આ વર્ષે પીએમ પદ પરથી રાજીનામુ આપનાર મેડવેડેવ પણ સંભવિત ઉમેદવારોમાં સામેલ છે.તાજેતરમાં રશિયાની સંસદમાં અન્ય એક બિલ પણ મંજૂરી માટે મુકાયુ હતુ અને તેની જોગવાઈ પ્રમાણે પૂર્વ રાષ્ટ્રપતિ કે તેમના પરિવારજનો પર કોઈ પણ જાતની પોલીસ કાર્યવાહી નહી થઈ શકે.જેના કારણે પણ પુતિન રાજીનામુ આપશે તેવી ચર્ચા તેજ બની છે.

સર્જરી કરી શકશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્ર સરકાર આયુર્વેદના ભૂતપૂર્વ સલાહકાર ડો. શર્માએ આ પહેલને મિલનો પથ્થર ગણાવ્યું છે. તેમનું કહેવું છે કે આનાથી દેશમાં કુશળ સર્જનોની તંગી દૂર થશે. ઉપરાંત, દેશના દૂરના વિસ્તારોના દર્દીઓને પણ ઉચ્ચ સ્તરની સારવાર મેળવશે. જોકે, દિલ્હી મેડિકલ એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ ડો. અનિલ બંસલ કહે છે કે આનાથી ઝોલાછાપ ડોક્ટરોને વેગ મળશે અને દર્દીઓ માટે સંકટ પેદા થશે. બીજી તરફ ડો. શર્મા કહે છે કે, આયુર્વેદના વિદ્યાર્થીઓને ડિલિવરી, ગર્ભપાત, ગર્ભાશયની સર્જરી કરવાનો પણ અધિકાર આપવા જોઈએ.

ચેપનું જોખમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડા પ્રધાન તરફથી કેટલાક સૂચનો પણ મળ્યા છે, જેના આધારે કામગીરી શરૂ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, ભારતમાં હાલમાં કોવિડની ૫ રસીનું પરીક્ષણ ચાલી રહ્યું છે, જેમાં સીરમ ઈન્સ્ટિટ્યુટનું પરીક્ષણ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. થોડા દિવસોમાં તેનું પરિણામ આવશે. એ જ રીતે, આઈસીએમઆરઅને ભારત બાયોટેકની રસી પણ ત્રીજા તબક્કામાં પહોંચી ગઈ છે. ડોક્ટર પોલે કહ્યું કે આ ઉપરાંત અન્ય બે રસી ફાઈઝર અને મોડર્નાની છે. અમે તેમના પણ સંપર્કમાં છીએ. પરંતુ એક વાત હજુ સુધી સ્પષ્ટ છે કે કોઈ રસીને હજુ લાઇસન્સ નથી મળ્યું. આમ છતાં, પોલે કહ્યું કે આ રસી આવતા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા સુધી ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પ